કે.ડી. NEWS


તારીખ : 10/01/2026



# અમરેલી–લીલીયા સ્ટેટ હાઈવે વાઈડિંગ કામગીરીમાં ગંભીર ગેરરીતી અને રોડ સેફ્ટીના અભાવે લોકોના જીવ જોખમમાં...

## પ્રતાપ દુધાત

અમરેલી જિલ્લાની અમરેલી થી લીલીયા વચ્ચે ચાલતી સ્ટેટ હાઈવે વાઈડિંગ તથા રોડ પહોળા કરવાની કામગીરીમાં ભારે ગેરરીતી, અત્યંત ધીમી ગતિ અને રોડ સેફ્ટીના નિયમોના ખુલ્લેઆમ ભંગ થવાના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે તેમ અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તથા પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રતાપ દુધાતે જણાવ્યું છે.તેમણે જણાવ્યું કે આ રોડનું કામ બે પેકેજમાં ચાલી રહ્યું છે. પેકેજ–૧ અંતર્ગત અમરેલી થી અંદાજે ૬ કિ.મી. લાલાવદર સુધીની કામગીરીને અઢી વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી પૂર્ણ કરવામાં આવી નથી. રોડ પર અયોગ્ય રીતે રાખવામાં આવેલ ડ્રાયવજનના કારણે છેલ્લા લાંબા સમયથી લોકો ધૂળ, આરોગ્ય સમસ્યાઓ અને ભારે અસુવિધાનો સામનો કરી રહ્યા છે. રોડ સેફ્ટીના કોઈ નિયમોનું પાલન થતું નથી.તેમજ પેકેજ–૨ અંતર્ગત લાલાવદર થી લીલીયા સુધી બ્રિજ અને સી.સી. રોડની કામગીરી દરમિયાન પણ જરૂરી સુરક્ષા વ્યવસ્થાઓનો અભાવ જોવા મળે છે. જેના કારણે વાહનચાલકો, રાહદારીઓ તથા વિદ્યાર્થીઓ માટે ગંભીર જોખમ ઉભું થયું છે અને અકસ્માતો તેમજ મૃત્યુના બનાવો પણ સામે આવ્યા છે.શ્રી દુધાતે ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું કે બંને પેકેજની કામગીરી સરકારશ્રીની ગાઈડલાઈન્સ અને નીતિ-નિયમો મુજબ થતી નથી. કામો નિર્ધારિત સમયમર્યાદા કરતાં ઘણો વધુ સમય વિત્યા છતાં અધૂરા છે, તેમ છતાં જવાબદાર એજન્સીઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી, જે આશ્ચર્યજનક અને ચિંતાજનક બાબત છે.આ બાબતે તેમણે માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબને લેખિત રજૂઆત કરી તાત્કાલિક તપાસ



AMRELI DISTRICT CONGRESS COMMITTEE અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ

પ્રમુખ : પ્રતાપ દુધાત (પૂર્વ ધારાસભ્ય, સાવરકુંડલા, લીલીયા) મો. 98796 03200 તા. ૧૦/૦૧/૨૦૨૬

કાર્યાલય: જુના માર્કેટીંગ યાર્ડ અંદર, અમરેલી

પ્રતિ,
માન. ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબશ્રી
મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય
ગાંધીનગર

વિષય :- અમરેલી જિલ્લામાં અમરેલી થી લીલીયા વચ્ચે સ્ટેટ હાઈવેના રોડ સેફટી, ડ્રાયવજન તથા કામોમાં ગેરરીતી બાબત

માનનીય સાહેબ,

સવિનય સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે અમરેલી જિલ્લામાં અમરેલી થી કાંકચ સ્ટેટ હાઈવે વાઈડિંગ સાથે રોડ પહોળા કરવાની કામગીરીમાં વાઈડિંગ તથા રોડ પહોળા કરવાની કામગીરી ચાલુ છે, જે બે પેકેજ હેઠળ કરવામાં આવી રહી છે.

પેકેજ-૧ અંતર્ગત અમરેલી થી અંદાજે ૬ કિ.મી. લાલાવદર સુધીની કામગીરી એક એજન્સી દ્વારા કરવામાં આવી રહી છે, જેમાં આપશ્રી સાહેબ દ્વારા ખાતમૂહૂર્ત પણ કરવામાં આવેલ હતું. આ કામને અઢી વર્ષથી વધુ સમય પસાર થવા છતાં આજદિન સુધી પૂર્ણ કરવામાં આવેલ નથી. રોડ પર રાખવામાં આવેલ ડ્રાયવજનના કારણે છેલ્લા અઢી વર્ષથી સ્થાનિક લોકો ધૂળ, આરોગ્ય સમસ્યાઓ તથા ભારે અસુવિધાનો સામનો કરી રહ્યા છે. વધુમાં, રોડ સેફટીના નિયમો મુજબ ડ્રાયવજનનું સંચાલન કરવામાં આવેલ નથી અને કામગીરી પણ નિયમોનુસાર થતી નથી.

પેકેજ-૨ અંતર્ગત લાલાવદર થી લીલીયા સુધી બ્રિજ તથા સી.સી. રોડની કામગીરી ચાલી રહી છે, જેમાં પણ જરૂરી રોડ સેફટી વ્યવસ્થાઓ જાળવવામાં આવતી નથી. પરિણામે વાહનચાલકો, રાહદારીઓ તથા વિદ્યાર્થીઓને ગંભીર જોખમ ઉભું થયું છે અને અકસ્માતો તેમજ મૃત્યુના બનાવો પણ બનેલ હોવાનું જાણવા મળે છે.આ બંને પેકેજની કામગીરી સરકારશ્રીની માર્ગદર્શિકાઓ તથા નીતિ-નિયમો મુજબ થતી નથી. કામો લાંબા સમયથી અધૂરા છે અને તેમની નિર્ધારિત સમયમર્યાદા કરતાં ઘણો વધુ સમય વીતી ગયો હોવા છતાં પણ પૂર્ણ કરવામાં આવ્યા નથી. જેના કારણે લોકોને ધૂળ, ટ્રાફિક તથા અકસ્માત/દુર્ઘટનાનો સતત સામનો કરવો પડે છે. તેમ છતાં, આ કામગીરી કરનાર એજન્સીઓ સામે આજદિન સુધી કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી.

આ બાબતે આપશ્રી સાહેબ ને વિનંતી છે કે આ સમગ્ર બાબતની તાત્કાલિક તપાસ કરાવી, જવાબદાર એજન્સીઓ સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તથા બંને કામો સરકારશ્રીની ગાઈડલાઈન્સ મુજબ રોડ સેફટી નિયમો અંતર્ગત ડ્રાયવજન કરવામાં આવે અને નિર્ધારિત સમયમર્યાદા માં કામો પૂર્ણ કરવામાં આવે તેવી યોગ્ય કાર્યવાહી કરવા ભલામણ સહ વિનંતી છે.

આપનો સ્નેહાધિન
(પ્રતાપ દુધાત)
પ્રમુખશ્રી
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ
પૂર્વ ધારાસભ્યશ્રી ૯૭-સાવરકુંડલા-લીલીયા

નકલ રવાના :-
૧) માન. જીતુભાઈ વાઘાણીશ્રી, કૃષિમંત્રીશ્રી તથા પ્રભારીમંત્રી – અમરેલી જિલ્લો
૨) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર
૩) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમરેલી

કરાવી જવાબદાર એજન્સીઓ સામે કડક કાર્યવાહી કરવા, રોડ સેફ્ટીના નિયમો મુજબ ડ્રાયવજનનું સંચાલન કરવા અને કામો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરાવવાની માંગ કરી છે.જો સરકારશ્રી દ્વારા તાત્કાલિક યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો જનહિતમાં કોંગ્રેસ પક્ષ દ્વારા વધુ ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી પણ શ્રી પ્રતાપ દુધાતે ઉચ્ચારી છે.

કે.ડી. NEWS
તારીખ : 10/01/2026

# સાવરકુંડલા તાલુકાના વિકાસ કાર્યનું સ્થળ પર જઈ નિરીક્ષણ કરતા ધારાસભ્ય શ્રી કસવાલા..



સાવરકુંડલા તાલુકામાં રૂ. 1.85 કરોડના ખર્ચે બની રહેલા ગાધકડા–વિજયાનગર રોડના વિકાસ કાર્યનું સ્થળ પર જઈ નિરીક્ષણ સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા એ કર્યું હતું અને અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો આપ્યા હતા. આ તકે સાવરકુંડલા શહેર અને તાલુકાના કાર્યકર્તાઓ હોદ્દેદારો ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 10/01/2026

# મકરસંક્રાંતિ સુધી વાંચો... મકરસંક્રાંતિ વિશેષ...



મકરસંક્રાંતિ ને દિવસે અનુસરવા જેવા આરોગ્યના આયુર્વેદિક ઉપાયો...આમ તો મકરસંક્રાંતિ ખૂબ લાભદાયી છે ને ખુબ ફળદાય છે જો આરોગ્ય બાબતે વાત કરવામાં આવે તો આરોગ્ય માં આયુર્વેદિક ઉપાયો પણ ઘણા છે. જ્યોતિષશાસ્ત્ર મુજબ સૂર્ય ભગવાન એ આરોગ્યના દેવ છે તેથી ઉત્તરાયણના દિવસે સૂર્ય ભગવાનની આરાધના કરવાનું પણ ખૂબ મહત્વ છે પાણીમાં કાળા તલ નાખીને સ્નાન કરવાથી ત્વચાના રોગોમાં રાહત મળે છે. ત્વચાને લગતા રોગો વગેરેમાં ખૂબ રાહત મળે છે અને ઉતરાયણના દિવસે પણ ત્વચા ને લગતી સમસ્યા હોય તો પાણી માં કાળા તલ નાખી નાહવું જોઈએ.

અને સવારના કુમળા તડકામાં 15 થી 20 મિનિટ બેસવું જોઈએ જે વિટામિન ડી ની સાથે આત્મબળ પણ આપે છે ખુદ ઉપર વિશ્વાસ અને ખુદ થી ન હારવાની તાકાત પણ મળી રહે છે ઓમ આરોગ્ય પ્રદાયીને સુર્યાય નમઃ મંત્રનો 108 વાર જપ કરવો ખૂબ ફળદાયી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

AR JEWELLERS

## એ.આર. જવેલર્સ

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY BUSINESS SOLUTIONS LLP Solution@100%

કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

# ગુજરાતમાં 427 વન રક્ષકોને વનપાલ તરીકે બઢતી અપાઈ..




ગુજરાત સરકાર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારે વન અને પર્યાવરણ વિભાગના કર્મચારીઓને નવા વર્ષની ભેટ આપી છે. વન અને પર્યાવરણ વિભાગના કર્મચારીઓ માટે આ ખુશીના સમાચાર છે. ખુશીનું કારણ એ છે કે, રાજ્ય સરકારે વર્ગ ત્રણના 425 વનરક્ષક કર્મચારીઓને વર્ગ ત્રણમાં વનપાલના પદ પર બઢતી આપી છે. બઢતીના ઓર્ડર આવતા નવ વિભાગના કર્મચારીઓમાં ખુશીની લહેર છવાઈ છે.એક અઠવાડિયા પછી અરણય ભવન દ્વારા કર્મચારીઓની બદલી પણ થશે.

ત્યારે ગુજરાત વન વિભાગ એ રાજ્યના વન અને વન્યજીવ સંરક્ષણને વધુ મજબૂત બનાવવા માટે ઐતિહાસિક પગલું ભર્યું છે વિભાગે એક જ આદેશમાં 427 વનરક્ષકો એટલે કે બીટગાર્ડ અને વનપાલ એટલે કે ફોરેસ્ટર તરીકે બઢતી આપી છે આ વિભાગના ઈતિહાસમાં અત્યાર સુધીનો સૌથી મોટો બઢતીનો આદેશ પણ કહેવાય રહ્યો છે.



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

# મફતમાં કરી આપવામાં આવશે.

## શિવમ્

**ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ**

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડૉ. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડૉ. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્ત્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન
- ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

તારીખ : 10/01/2026

# ઠંડી વધી... નલિયામાં 4.8 અને અમરેલીમાં 8.6 સે.



ગુજરાત રાજ્યમાં ડિસેમ્બરમાં શિયાળો હુંફાળો રહ્યા બાદ જાન્યુઆરીમાં કાશ્મીર હિમાલય ક્ષેત્રમાં બરફ વર્ષા અને ગુજરાતની ઉત્તરે રાજસ્થાનમાં કાતિલ ઠંડી સાથે તે તરફથી ઉત્તર પૂર્વ તરફ દિશામાં બરફીલા પવનો ગુજરાત ઉપર ફરી વળતાં ધ્રુજાવી દેતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે ત્યારે 9 જાન્યુઆરી 2026 શુક્રવારના રોજ નલિયામાં પારો 4.8 સે સુધી નીચે ઉતરી ગયો હતો જ્યારે સૌરાષ્ટ્રમાં અમરેલીમાં 8.6 અને રાજકોટમાં 9.4 સે સાથે સમગ્ર રાજ્યમાં કડકડતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

તારીખ : 10/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%®

www.headway.guru

9081241916

## "મોડું નથી થયું, સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ હજી ચાલુ છે."

### વિશ્વાસ જયાં છે, ત્યાં ઉત્સવ લંબાય છે.

## હવે આપના સૌભાગ્યની નવી તારીખ ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી.




માત્ર ₹૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.*

તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.

## શ્રી ગોકુલ જ્વેલર્સ

એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.

મો. 95373 12695, 94262 80911

*શરતો લાગુ

કે.કે. NEWS

તારીખ : 10/01/2026

# નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી કે. કે. હાઈસ્કૂલ, સાવરકુંડલા ખાતે ઈન્ટરક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળ આયોજન કરવામાં આવ્યું




સાવરકુંડલા સ્થિત નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી કે. કે. હાઈસ્કૂલમાં તારીખ 9 અને 10 જાન્યુઆરી 2026ના રોજ વિદ્યાર્થીઓમાં ખેલભાવના, ટીમ સ્પિરિટ અને શારીરિક તંદુરસ્તી વિકસે તે હેતુથી ઈન્ટરક્લાસ ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું.આ ટુર્નામેન્ટનું આયોજન વિપુલભાઈ દવે, સાગરભાઈ વાડોદરીયા, અજયભાઈ ચાવડા તથા રાહુલભાઈ ડાભી દ્વારા કરવામાં આવ્યું હતું. આયોજનમાં પરબતભાઈ કડછા અને જાગૃતભાઈ દવેએ સહાયક તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમને શાળાના પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયા તરફથી પ્રોત્સાહન અને માર્ગદર્શન મળ્યું હતું.

ટુર્નામેન્ટમાં સાયન્સ ઈલેવન, કોમર્સ ઈલેવન, આર્ટસ ઈલેવન તથા સેકન્ડરી ઈલેવન એમ ચાર ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ મેચ આર્ટસ ઈલેવન અને સેકન્ડરી ઈલેવન વચ્ચે રમાઈ, જેમાં શાનદાર પ્રદર્શન સાથે આર્ટસ ઈલેવન ટીમ વિજેતા બની હતી.સમગ્ર ટુર્નામેટની કોમેન્ટરી રસાળ અને હસાળ શૈલીમાં શાળાના પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયા, શિક્ષક શ્રી જાગૃતભાઈ દવે અને વિક્રમભાઈ ભમ્મરે કરી હતી.

વિજેતા બનેલી આર્ટસ ઈલેવન ટીમને પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયા તથા આયોજનકર્તાઓના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી, જેના દ્વારા ખેલાડીઓનું મનોબળ વધુ ઉંચું થયું હતું.ફાઈનલ બાદ વિજેતા ટીમ આર્ટસ ઈલેવન અને શિક્ષક સ્ટાફ ઈલેવન વચ્ચે એક રસપ્રદ ફ્રેન્ડલી મેચનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષક સ્ટાફ ઈલેવન ટીમનું નેતૃત્વ સ્વયં પ્રિન્સિપાલ શ્રી ચેતનભાઈ ગુજરીયાએ કર્યું હતું, જે વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયક ક્ષણ બની રહી.આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના અન્ય તમામ વિદ્યાર્થીઓએ પ્રેક્ષક બનીને તમામ ટીમોનો ઉત્સાહ વધાર્યો હતો. તેમજ શાળાના તમામ શિક્ષકગણનો સહકાર અને માર્ગદર્શન નોંધપાત્ર રહ્યું હતું.

આ કાર્યક્રમને સફળતા માટે નૂતન કેળવણી મંડળના પ્રમુખ શ્રીમતિ ચંદ્રિકાબેન કામદાર, ઉ.પ્રમુખ શ્રી કનુભાઈ ગેડિયા,મે.ટ્રસ્ટી શ્રી મુકુંદભાઈ નાગ્રેચા તથા ટ્રસ્ટીગણે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.





નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સલીમ માંજા મેકર્સ

"શું તમારે કાપ્યો છે તેવી બૂમ પાડવી છે"

તો સલીમ માંજા મેકર્સ તમારા માટે લઈને આવ્યું છે...

## ગુજરાતમાં સૌપ્રથમવાર

## કોરિયન કેમિકલ માંજા

તો તમારું એડવાન્સ બુકિંગ કરાવો નીચે આપેલ નંબર પર

**મો. 95123 10710**

તેમજ અમારે ત્યાં તમને મળશે ઓરીજનલ રિલો, ખંભાત, બરેલી રામપુરી પતંગો ની અવનવી રેન્જ

**સ્થળ : આઝાદ ચોક, હિલપાર્ક માર્કેટ સાવરકુંડલા**



તારીખ : 10/01/2026

# અમરેલી બસપોર્ટ ખાતે ડ્રાઈવર અને કંડક્ટરોને રોડ સેફ્ટી વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યું



અમરેલી એઆરટીઓ દ્વારા જાન્યુઆરી માસ દરમિયાન જિલ્લામાં હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફ્લેક્ટર, પી.યુ.સી, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ વગરના વાહન, હાઈબીમ લાઈટ સહિતની બાબતોને લઈને જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી રહી છે ત્યારે સ્કૂલ કોલેજ કક્ષાએ રોડ સેફ્ટી લગત જનજાગૃત્તિ કાર્યક્રમો યોજાશે. ડ્રાઈવરો માટે આંખ, બ્લડ પ્રેશર, સુગર તપાસ માટે મેડિકલ કેમ્પ યોજાશે.

વાહન ચાલકોએ સલામતી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો, અતિશય ઝડપે વાહન ચલાવવું નહીં વગેરે બાબતોને લઈને કાળજી રાખવી હિતાવહ છે.તે અંગે જાગૃતિ લાવશે શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરિવર્તન પહેલ અન્વયે આજરોજ અમરેલી એસ.ટી. બસપોર્ટ ખાતે ડ્રાઈવર્સ અને કંડક્ટરોને રોડ સેફ્ટી વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. જેમાં 70 જેટલા ડ્રાઈવર્સ-કંડક્ટરોને રોડ સેફ્ટી બાબતે માહિતગાર કરવામાં આવ્યા હતા.

લેન ડ્રાઈવીંગ કરવું, નો પાર્કિંગ ઝોનમાં વાહન પાર્ક ન કરવું, નશાનું સેવન ન કરવું, વાહનમાં સ્વચ્છતા રાખવી સહિતની બાબતો વિષયક જનજાગૃત્તિ વધે તેવા સરાહનીય પ્રયાસો કરવામાં આવી રહ્યા છે તેમ અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ જણાવ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 10/01/2026

# હૃતિક રોશન નો આજે જન્મદિવસ..

૧૯૮૦ના દાયકામાં બાળ કલાકાર તરીકે ચમક્યા બાદ, હૃતિકને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી ફિલ્મ હતી 'કહો ના પ્યાર હૈ' (૨૦૦૦). આ ફિલ્મે જંગી સફળતા મેળવી હતી અને હૃતિકના અભિનયને કારણે તેને શ્રેષ્ઠ નવોદિત અભિનેતા અને શ્રેષ્ઠ અભિનેતાનો ફિલ્મફેર પુરસ્કાર મળ્યો હતો. આ બાદ આવેલી કેટલીય ફિલ્મોમાં તેના અભિનયની નોંધ લેવામાં આવી છે, જેમાં 'કોઈ મિલ ગયા' (૨૦૦૩), 'ક્રિશ' (૨૦૦૬), 'ધૂમ-૨' (૨૦૦૬) અને 'જોધા અકબર' (૨૦૦૮)નો સમાવેશ થાય છે.

આ ફિલ્મો પણ વ્યવસાયી રીતે ભારે સફળ રહી હતી. આ ફિલ્મોને કારણે તેને શ્રેષ્ઠ અભિનેતાના પુરસ્કારો મળ્યા હતા.૨૦૦૮માં હૃતિકને તેનો પ્રથમ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર રશિયાના કાઝાનમાં યોજાયેલા ધ ગોલ્ડન મીનબાર ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં 'જોધા અકબર'માટે મળ્યો હતો.

આ સફળતાઓને કારણે તેની બોલિવુડમાં અગ્રીમ હરોળના અભિનેતાઓમાં ગણના થવા લાગી. મુજસે દોસ્તી કરોગે, કાબિલ, વોર જેવી યાદગાર ફિલ્મો પણ તેમણે આપી છે અને તેમનો અભિનય આજે પણ તેમના ચાહકો ને યાદ છે.અને અત્યારની વાત કરવામાં આવે તો તેમના ચાહકો ક્રિશ 4 ની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

તેમના પિતા ડાયરેક્ટર છે છતાં પણ ઋત્વિકે એટલો સંઘર્ષ કર્યો છે જ્યારે તે ભણવા જતા એ દરમિયાન તેમના બે અંગૂઠા




તેને બોલવાની અમુક તકલીફો છતાં એ બધો સંઘર્ષ પર કરીને હેન્ડસમ ની સાથે શ્રેષ્ઠ અભિનેતા પણ તે સાબિત થયા છે અને વાત એટલે પૂરતી જ નથી અટકતી અભિનેતા થયા બાદ પણ અનેક સંઘર્ષ અને વિકટ પરિસ્થિતિ પણ આવી છતાં તેમણે દરેકનો સામનો કરીને આગળ વધ્યા ત્યારે આ પણ તેમની પાસે શીખવા જેવું છે ઋત્વિક રોશનને જન્મદિવસની ખુબ ખુબ શુભકામના....

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# WELCOME to 5G Vi coming soon

## સવારે ૧૦ પહેલા Vi MNP પર મોટી રીલ + આકર્ષક ગીફ્ટ ફ્રી

## jio to એરટેલ મોટી રીલ ફ્રી

## અન્ય ૧૨ તાર તથા ૯ તાર રીલો MNP માં ૧૩ તારીખ સુધી નોર્મલ ભાવે

# અનંત ટેઈલર

દેવળાગેઈટ, સાવરકુંડલા

કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

# પીઠવડી સહિત આજુબાજુના પંથકમાં પતંગ ની વહેંચણી કરતા ભૌતિક સુહાગીયા



દર વર્ષની જેમ આ વર્ષે પણ ઉતરાયણ પર્વની ઉજવણી ના ભાગરૂપે પીઠવડી ગામના યુવા સરપંચ ભૌતિક સુહાગીયા દ્વારા પીઠવડી સહિત આજુબાજુના વિસ્તારમાં પતંગ નું વિતરણ કરવામાં આવ્યું હતું.



નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



SHALBY MULTI-SPECIALTY HOSPITALS

# શેલ્બી હોસ્પિટલ & લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલાના સંયુક્ત ઉપક્રમે

આયોજીત

# સુપર સ્પેશ્યાલિસ્ટ હેલ્થ કેમ્પ

**11.01.2026, રવિવાર** | સવારે 10.00 થી બપોરે 01.00 વાગ્યા સુધી

**કેમ્પ સ્થળ** - લોહાણા વિદ્યાર્થી ભવન, મહુવા રોડ, સાવરકુંડલા

## કેમ્પમાં ઉપસ્થિત રહેનાર ડૉક્ટર્સ

- **ડૉ. ઉત્સવ પટેલ** – ઓર્થોપેડિક સર્જન
- **ડૉ. એસ.એમ.બંદી** – અસોસિએટ આર્થોપ્લાસ્ટી
- **ડો. નતાશા લાલવાણી** – મોં અને ગળાનાં કેન્સર સર્જન
- **ડો. વિશાલ ડોબરીયા** – ચીફ મેડિકલ ઓફિસર

**સૌજન્ય**

મેહુલ સંઘાણી - પ્રોજેક્ટ ચેરમેન - લાયન્સ ક્લબ ઓફ સાવરકુંડલા
ડૉ. પ્રણવ શાહ • સેન્ટર હેડ - શેલ્બી હૉસ્પિટલ, વિજય

હાર્દિકભાઈ પરમાર - પ્રેસિડેન્ટ | અમિતભાઈ પંડ્યા - વાઈસ પ્રેસિડેન્ટ
વિજયભાઈ ઉપાધ્યાય - સેક્રેટરી | હિતેશભાઈ નિમ્બાર્ક - ટ્રેઝરર

રજિસ્ટ્રેશન માટે સંપર્ક: હિતેશભાઈ નિમ્બાર્ક - 99132 05733 | વિજયભાઈ ઉપાધ્યાય - 99258 73958

શેલ્બી હૉસ્પિટલ, એસ.જી: કર્ણાવતી ક્લબની સામે, એસ.જી. હાઈ-વે, અમદાવાદ 7069 001 001

કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

# ખાંભા માં શ્રી સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિતે ખાંભા શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરે મહા આરતી નું દિવ્ય આયોજન થયું...



પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર ઉપર અનેક આક્રમણ- હુમલા ને 1000 (એક હજાર ) વર્ષ પૂર્ણ થતા હોય તથા દિવ્ય ભવ્ય મંદિર પુનઃ નિર્માણ ને 75 વર્ષ પૂર્ણ થતા હોય જે અંગે શ્રી સોમનાથ ખાતે સ્વાભિમાન પર્વ ની ઐતિહાસિક ઉજવણી મા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કરવા જઈ રહ્યા છે ત્યારે ખાંભા માં શિવ ભક્તો અને જુદી જુદી ધાર્મિક સંસ્થા ઓ તથા સ્થાનિક આગેવાનો ની ઉપસ્થિત માં અત્રે ના શ્રી માનકેશ્વર મહાદેવ મંદિરે સમૂહ મહાઆરતી તથા વર્ષો પહેલા સોમનાથ મંદિર ઉપર થયેલ અનેક હુમલા માં પોતાના પ્રાણ ની આહુતિ અપનાર વીર શૂરવીરો ની શહાદત ને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ કરવા માં આવી હતી.આ દિવ્ય કાર્યક્રમ માં તા. ભા.જ.પ. પ્રમુખશ્રી આનંદ ભાઈ ભટ્ટ... જી. પં. ચેરમેન શ્રી અરવિંદભાઈ ચાવડા,ખાંભા યાર્ડ ડિરેક્ટર શ્રી બાબા ભાઈ ખુમાણ,પૂર્વ સરપંચ શ્રી અંબરીશ ભાઈ જોષી એડવોકેટ એન્ડ નોટરી રાજુભાઈ હરિયાણી, તા. પં. સદસ્ય શ્રી કૌશિકભાઈ માણલકીયા,શ્રી પ્રવીણભાઈ બાબરીયા ગ્રામ. પં. સદસ્ય,શ્રી ભરત ભાઈ સખવાળા,શ્રી ભગાભાઈ હરિયાણી,શ્રી જે. કે. આહીર,શ્રી હમીરભાઈ આહીર,શ્રી રાજુભાઈ એમ. રાઠોડ,શ્રી અભિ હરિયાણી પ્રમુખશ્રી સેવાયજ્ઞ ગ્રુપ,શ્રી નિલેશભાઈ ઉનાગર, શ્રી ભુપતભાઈ વનરા,શ્રી જય સોલંકી,શ્રી હરિ દાદા ઉપાધ્યાય,શ્રી હેમુદાદા ભટ્ટ,.શ્રી પ્રવીણભાઈ માણલકીયા,શ્રી મહેશભાઈ મકવાણા..શ્રી દર્શન જોષી,શ્રી મનોજગિરી ગૌસ્વામી,તથા મંદિર પૂજારી શ્રી ગણપત ગિરી બાપુ,તથા ખાંભા શહેર ના યુવા અને વડીલ,શિવ ભક્તો તથા માતા ઓ તથા બહેનો દ્વારા મંદિર કાજે શહીદ થયેલ વીર શહીદો ને પુષ્પાંજલિ અર્પણ કરેલ તથા મહા આરતી માં જોડાયા હતા.આ કાર્યક્રમ બાદ તમામ ભક્તજનો ને પ્રસાદ વિતરણ કરવા માં આવેલ.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

પ.પૂ.ધ.ધૂ 1008 જગતગુરુ શ્રી રામાનંદાચાર્યજી મહારાજ જે હિન્દુ ધર્મ ઉદ્ધારક, હિન્દુ ધર્મ રક્ષક અને જ્ઞાતિ જાતીના ભેદભાવમાંથી સમાજ ને બહાર લાવનાર એવા શ્રી ગુરુજીની 726 મી જન્મ જયંતિ નિમિતે તેમના ચરણ કમળ મા




# કોટી કોટી વંદન

**ડો. પ્રવિણભાઈ ડી. લશ્કરી**
**શ્રીમતી નિલાબેન પી. લશ્કરી**
**ડો. વિશાલ પી. લશ્કરી**
**જેનીલ આનંદભાઈ લશ્કરી**

કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

# શ્રી માધ્યમિક શાળા, આંબરડી ખાતે રસોઈ શોનું આયોજન..





આંબરડી સ્થિત શ્રી માધ્યમિક શાળા, આંબરડી ખાતે વિદ્યાર્થીઓમાં રસોઈ કળા, પોષણ જાગૃતિ તથા વ્યવહારુ જ્ઞાન વિકસે તે હેતુસર એક રસોઈ શોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ સરળ, સ્વચ્છ અને પોષક વાનગીઓ બનાવવાની કળા રજૂ કરી. રસોઈ શોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભા અને સર્જનાત્મકતાનો પરિચય આપ્યો. કાર્યક્રમ દરમિયાન સ્વચ્છતા, પોષણ અને સમય વ્યવસ્થાપન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. રસોઈ શો ના નિર્ણાયક તરીકે શાળાના શિક્ષકો શ્રી જતીનભાઈ ઉપાધ્યાય, પ્રકાશભાઈ માધડ ,રેખાબેન ઠુમ્મર અને ઈલાબેન વાળાએ સેવા બજાવી હતી.શાળાના આચાર્યશ્રી તથા શિક્ષકમિત્રોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું અને આવા કાર્યક્રમો વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું. રસોઈ શોએ શાળામાં આનંદ અને ઉત્સાહભર્યું વાતાવરણ સર્જ્યું.શાળાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દિપકભાઈ માલાણીએ મુલાકાત લઈ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.અંતે તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા અને કાર્યક્રમનું સફળ સમાપન થયું.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સ્પેશ્યલ ઓફર

# ઘરઘંટી વસાવો

માત્ર 25 સભ્ય વચ્ચે ડ્રો

ફકત રૂા. 1500 ભરીને વસાવો ઘરઘંટી

વિજેતાને બાકીની રકમ નહીં ભરવાની



3 વર્ષની ફુલ વોરંટી

5 વર્ષ મોટર ગેરંટી
(મોટર બદલી આપવામાં આવશે.)

કટ્ટરની આજીવન ગેરંટી

બાજરો દળવાની પણ ગેરંટી

## એક્યુરેટ ઈલેક્ટ્રોનિક્સ & ફર્નિચર મોલ

મહુવા રોડ, હીરો શોરૂમ પાસે, મો. ૭૭૭ ૮૦૦ ૩૩૩૩

કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

# શ્રીમતી એસ એસ અજમેરા કન્યા વિદ્યાલય ની દીકરી ઝોન કક્ષાએ ઝળકશે



શ્રીમતી એસ એસ અજમેરા કન્યા વિદ્યાલયની બહેનો સંગીત કલા અને રમતગમત ક્ષેત્રે ઉજળું ભવિષ્ય ધરાવે છે અને ઉત્તમ પરિણામ મેળવીને અવારનવાર શાળાનું ગૌરવ વધારે છે. એસવીએસ કક્ષાએ તથા તાલુકા કક્ષાએ ગાયન ક્ષેત્રે પ્રથમ નંબર પ્રાપ્ત કરી અને જિલ્લા કક્ષાએ પણ પ્રથમ નંબર પ્રાપ્ત કરી ઝીલ ધર્મેન્દ્રભાઈ જોશી ઝોન કક્ષા માટે પસંદગી પામેલ છે જે આપણા સૌ માટે ગૌરવની બાબત છે શાળાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી રાજુભાઈ કામદાર તથા આચાર્ય શ્રી કંચન બહેન બારૈયાાએ ઝીલ જોશીને આ તકે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવેલ છે. અજમેરા પરિવાર દ્વારા ઝીલ જોશીને અભિનંદન તથા ઉત્તરોત્તર સિદ્ધિ પ્રાપ્ત કરો તેવી શુભેચ્છા પાઠવેલ છે. આ ઉપરાંત ધોરણ 9A માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેન ચૌહાણ પ્રિયાંશી વાદન ક્ષેત્રે જિલ્લા કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. તેમને પણ શાળાના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી તથા સમગ્ર અજમેરા પરિવાર વતી ખૂબ ખૂબ



શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ છે. આ બન્ને વિદ્યાર્થીની બહેનોને એસવીએસ કક્ષાએથી ઝોન કક્ષા સુધી માર્ગદર્શન શાળાના શિક્ષક શ્રી કેતનભાઇ જોશી દ્વારા આપવામાં આવેલ હતું.

કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

# કાણકિયા કોલેજ ખાતે નટવરભાઈ ગાંધી નું 'સંવાદ-વક્તવ્ય' યોજાયું...







શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત સાવરકુંડલા સ્થિત શ્રી વી.ડી. કાણકિયા આર્ટસ અને શ્રી એમ.આર.સંઘવી કોમર્સ કોલેજ ખાતે આજેતા. 10 જાન્યુઆરી શનિવારે મૂળ સાવરકુંડલાના હાલ અમેરિકા સ્થિત એવા પ્રખર વિચારક,કવિ-લેખક શ્રી નટવરભાઈ ગાંધીનું વક્તવ્ય યોજાયું. હાલ સાવરકુંડલા ખાતે 'પર્વ પૂર્ણિમા'નો એક ભવ્ય કાર્યક્રમ યોજાઈ રહ્યો છે કે જેમાં શ્રી નટવરભાઈ ગાંધી મુખ્ય અતિથિ તરીકે આવેલ છે. અને તેમની આત્મકથા "એક અજાણ્યા ગાંધી - શ્રી નટવરભાઈ ગાંધી" પર જીલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધાનું પરિણામ જાહેર કરી અને ઈનામ વિતરણનો કાર્યક્રમ પણ આ 'પર્વ પૂર્ણિમા' નિમિત્તે યોજવાનો છે. તો સાવરકુંડલાના પનોતા પુત્ર એવા નટવરભાઈ ગાંધી એ આજે કાણકિયા કોલેજ ખાતે આર્ટસ કોમર્સના વિદ્યાર્થીઓ સાથે વક્તવ્ય સાથે સંવાદ કર્યો. સાવરકુંડલા થી મુંબઈ અને મુંબઈથી અમેરિકાની એમની જીવન યાત્રા કેટલી સંઘર્ષમય રહી અને વિદ્યાર્થીઓને તેમાંથી પ્રેરણા મળી શકે તેવું માર્ગદર્શન કર્યું અને ત્યારબાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરી. વિદ્યાર્થીઓના પ્રશ્નોનું ખૂબ સુંદર રીતે સમજૂતી સાથે સંતોષકારક જવાબો આપ્યા હતા. તેમની સાથે સાથે એમના અનુજશ્રી દિલીપભાઈ ગાંધી, તેમના ભગીની અને અન્ય પરિવારજનોની પ્રેરક ઉપસ્થિતિ રહી.આ તકે પ્રસિદ્ધ હાસ્ય લેખક અને ગુજરાતી સાહિત્યના રત્ન કહી શકાય એવા આદરણીય શ્રી રતિલાલભાઈ બોરીસાગરની પણ વિશેષ ઉપસ્થિતિ રહી. તેમણે પણ વિનંતી ગ્રાહ્ય રાખીને વિદ્યાર્થીઓની સાથે હાસ્યરસની હળવાશભરી વાતો કરી હતી અને નટવરભાઈ ગાંધીને મળવાની આ તક એ વિદ્યાર્થીઓ માટે સુવર્ણ કહી શકાય તે બાબતે પણ પ્રકાશ પાડ્યો હતો. નૂતન કેળવણી મંડળના ટ્રસ્ટી શ્રી વિનુભાઈ રાવળ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન કોલેજના આચાર્ય શ્રી ડૉ. એસ.સી રવિયાસાહેબ દ્વારા કરવામાં આવ્યું હતું. ધડુક અર્પિતાબેને એક સુંદર ગીત રજૂ કર્યું હતું અને જીલ્લા કક્ષાની નિબંધ સ્પર્ધાના પ્રથમ અને તૃતીય વિજેતાઓ ટાંક કૃપાલીબેન અને ચાંદુ રિદ્ધિબેને પણ આ આત્મકથાના પુસ્તક વાંચન તથા નિબંધ લેખન બાદ ઘણી બધી પ્રેરણાઓ પોતાના જીવનમાં મળી તે અંગે નટવરભાઈ ગાંધીની હાજરીમાં જ ધન્યતા પોતાના શબ્દોમાં વ્યક્ત કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના આધ્યાપકગણ, નોન ટીચિંગ સ્ટાફ વગેરે તમામ લોકોએ ખૂબ સારી જહેમત ઉઠાવી હતી.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

# બગસરાને ચાર શાળા ના વિદ્યાર્થીઓ રાષ્ટ્રપતિ ભવનની મુલાકાતે...



અમરેલી જિલ્લાની બગસરા તાલુકાની માવજિંજવા, માણેકવાડા,બાલાપુર, લુંધિયા એમ ચાર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત રાષ્ટ્રપતિ ભવનની મુલાકાત લીધી હતી સાથે રહેલ શિક્ષકોએ વિસ્તારથી રાષ્ટ્રપતિ ભવનની વિદ્યાર્થીઓને માહિતી આપી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

## લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્કીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

## બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

# “પિતા બેટી સન્માન કાર્યક્રમ"







સાવરકુંડલા, શ્રી બ્રાન્ચ શાળા નંબર 2 કન્યાશાળામાં માતા-પિતા નું સન્માન દીકરીઓ દ્વારા તેમનું પૂજન કરવામાં આવ્યું હતું, અને માતા પિતા ના આશીર્વાદ લીધા હતા,અને પિતા પોતાની બેટી એટલે કે પોતાની દીકરીને શું ભણવું છે? કેમ આગળ વધવું છે? તે અંતર્ગત તેઓનું આજે એક વાલી સંમેલન શાળા નંબર 2 માં યોજવામાં આવેલ, અને અને ધોરણ 6થી 8 ની દીકરીઓએ પોતાના માતા-પિતા નો પૂજન અર્ચન કરેલ ,તેમના આશીર્વાદ મેળવેલ, અને માતા પિતાએ એમને વચન આપેલ, કે દીકરીઓ તમારે જેટલો અભ્યાસ કરવો હોય તે અમે તમને પૂરેપૂરો સપોર્ટ આપશુ,અને તમારે ચિત્રમાં રસ હોય તમારે અભિનય માં રસ રુચિ હોય, ડ્રોઈંગમાં રસ હોય, ઈવન કોઈ પણ અન્ય એક્ટિવિટીઝ માં રસ હોય, એ પણ અમે તમને પૂરેપૂરો સપોર્ટ આપશું ,તેમજ એજ્યુકેશનમાં પણ તમારી જ્યાં સુધી ભણવું હોય, ત્યાં સુધી પૂરેપૂરો સપોર્ટ આપશુ .એવું દરેક માતા-પિતાઓએ પોતાની દીકરીઓને ગર્વાનવિત કરેલ હતા

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY




## ઉનડકટ વેદાંત મિતેશભાઈ

સાવરકુંડલા

HAPPY BIRTHDAY



કે.ડી NEWS ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 10/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક
## બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક
## ફોટો કેક
## અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

## લાઈવ કેક માટે મુલાકાત લ્યો

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.



સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 09/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# अनुष्ठान दिवस १०

" अवतार " की साकार से निराकार तक की यात्रा " आत्मा " के संदेश की श्रृंखला है।

" अवतार "में करुणाभाव होने के कारण वह सभी पर करुणा करते रहता है।

बाबा स्वामी

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 09/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગલગલીયા

ચિન્ટુ: હજી વિચારતો હતો કે,
કોઈના જવા થી કઈ
ફરક નથી પડતો.
ત્યાં તો લાઈટ જતી રહી.

---

એક પરિણીત પુરુષના ઘરે
એનું કોઈ સગું લગનની કંકોત્રી
આપવા આવ્યું.
પુરુષે સાહજિક ભાવે પૂછ્યું,
‘ઘટનાસ્થળ ક્યાં છે’ ?

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 10/01/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 10 જાન્યુઆરી મહત્વની ઘટનાઓ

૧૯૪૬ – સંયુક્ત રાષ્ટ્રસંઘની પ્રથમ સામાન્ય સભા મેથોડિસ્ટ સેન્ટ્રલ હોલ, વેસ્ટમિંસ્ટર ખાતે આયોજીત કરાઈ જેમાં ૫૧ દેશોએ ભાગ લીધો.

૧૯૬૬ – ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધનું નિવારણ કરતા શાંતિ કરાર તાશ્કંદ ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા.

૧૯૭૨ – શેખ મુજીબુર રહેમાન પાકિસ્તાનમાં નવ મહિનાથી વધુ સમય જેલમાં વિતાવ્યા બાદ રાષ્ટ્રપતિ તરીકે નવા સ્વતંત્ર બાંગ્લાદેશ પરત ફર્યાં.

## જન્મ

૧૯૧૧ – બિનોદ બિહારી ચૌધરી, બાંગ્લાદેશી સામાજિક કાર્યકર અને સંસ્થાનવાદ વિરોધી ક્રાંતિકારી (અ. ૨૦૧૩)

૧૯૨૨ – કૃષ્ણપાલ સિંઘ, ભારતીય રાજકારણી (અ. ૧૯૯૯)

૧૯૪૦ – જોરાવરસિંહ જાદવ, લોકસાહિત્યકાર

૧૯૪૦ – કે. જે. યેસુદાસ, ભારતીય ગાયક અને સંગીત દિગ્દર્શક

૧૯૭૪ – હૃતિક રોશન, ભારતીય અભિનેતા

૧૯૮૪ – કલ્કી કોચલિન, ભારતીય અભિનેત્રી

## અવસાન

૧૯૬૯ – સંપૂર્ણાનંદ, ભારતીય શિક્ષક અને રાજકારણી, રાજસ્થાનના દ્વિતીય રાજ્યપાલ (જ. ૧૮૯૧)

૧૯૮૬ – ઈન્દુલાલ ગાંધી, ગુજરાતી સાહિત્યકાર (જ. ૧૯૦૫)

૨૦૧૦ – પચા રામચંદ્ર રાવ, ભારતીય ધાતુશાસ્ત્રી, શિક્ષક અને વહીવટકર્તા (જ. ૧૯૪૨)

૨૦૧૪ – દાજીકાકા ગાડગિલ, ભારતીય ઝવેરી (જ. ૧૯૧૫)

તારીખ : 10/01/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યાપારી માટે




**હોલસેલ ભાવે**

**નાની-મોટી**

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના
# સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 10/01/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
## કે.ડી ન્યૂઝ સાથે...




**સંપર્ક : મો. 9499797973**